# રાજકોટ મહાનગરપાલિકા - આરોગ્ય શાખા - મેલેરિયા વિભાગ

મારું રાજકોટ સ્વચ્છ રાજકોટ
સ્વચ્છ સર્વેક્ષણ 2021

**રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ**

ડૉ. આંબેડકરભવન રૂમ નં. ૬, ત્રીજો માળ, બસ સ્ટેન્ડની પાસે,
ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૨.

: 0281 - 2237062 | : biologist_rmc@yahoo.in | Like us on Facebook : /malaria.department

## અખબાર યાદી

**આરોગ્યશાખા દ્વારા આજી નદી વિસ્તારમાં ‘‘ન્યુસન્સ મોસ્કયુટો’’તરીકે ઓળખાતા કયુલેક્ષ મચ્છરોનીઘનતા ઘટાડવા ગાંડીવેલ કાઢી દવા છંટકાવની કામગીરી**

તા.૨૬/૧૧/૨૦૨૦












દર વર્ષે સામાન્યત: ડિસેમ્બરથી ફેબ્રુઆરી માસ દરમ્યાન કયુલેક્ષ મચ્છરનો વ્યાપક ઉપદ્રવ રહે છે. રાજકોટ મહાનગરપાલિકા વિસ્તાકરમાંકયુલેક્ષ મચ્છર દ્વારા કોઇ રોગ ફેલાતો નથી. પરંતુ રાત્રે કરડતા આ મચ્છરની ઘનતા ખુબ જ વધી જવા પામતી હોય મચ્છથરનઉપદ્રવની વ્યાપક ફરિયાદ રહે છે.

વરસાદી સિઝન બાદ આજીનદી વિસ્તારમાં પાણીના સ્થગિત થવાના કારણે તેમાં ગાંડીવેલ ઉગી નીકળે છે તથા આ વેલની નીચે કયુલેક્ષ મચ્છરના પોરા થાય છે. તથા આજીનદીની આસપાસના વિસ્તારોમાં મચ્છરનો ઉપદ્રવ રહે છે. માન. મેયરશ્રી બીનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ તથા આરોગ્ય સમિતીના ચેરમેનશ્રી જયમીન ઠાકરની સુચના અનુસાર તથા આરોગ્ય અધિકારીરીશ્રી ડો. એલ. ટી. વાજા , નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. પી. પી. રાઠોડ ના માર્ગદર્શન તથા બાયોલોજીસ્ટશ્રી વૈશાલીબેન રાઠોડના સુપરવિઝન હેઠળ આજીનદી વિસ્તારમાં ગાંડીવેલ દૂર કરી તથા

જે.સી.બી. મશીનની મદદ થી ચરેડા કરી સ્થગિત પાણી વહેતુ કરી દવા છંટકાવની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

જંગ્લેશ્વર સ્મશાન પાછળ ૮૦ ફુટ ના રોડથી   એકતા કોલોની પાછળ ,  રામનાથ ઘાટ, રૂખડીયાપરા તથા ઘાંચીવાડ વિસ્તારથી આ કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

ન્યુલસન્સ એલ્યુ ધરાવતા મચ્છચરનોઉપદ્રવ ઘટાડવા એર પાઇપની કપડુ બાંધવા અને સાથે દરેક પાણીના પાત્રો  હવાચુસ્ત બંધ રાખવા તથા અઠવાડીયે એક વાર ખાલી કરી સાફ કરવા આથી અપીલ કરવામાં આવે છે.

આરોગ્ય અધિકારી
રાજકોટ મહાનગરપાલિકા